ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

નગરના તેજસ્વી તારલાઓ ડોકટર બની સમાજ સેવા કરવાની ખેવના ધરાવે છે

શહેરમાં બીજા ક્રમે આવનાર ફ્રાન્સી પંડયા ટયુશનના કિશોર સરને આદર્શ માને છે :કવિ હદય ધરાવતા હીરેનના મતે સફળ પરિણામ મેળવવા પોઝિટીવ બનવુ ખૂબ જરૂરી

ગાંધીનગર તા ૪

ધોરણ ૧૦ માં એ વન ગ્રેડ મેળવી ટોપર્સની યાદીમાં સ્થાન મેળવનાર તેજસ્વીઓએ ડોકટર બની સમાજની સેવા કરવી છે.શહેરમાં બીજા ક્રમ હાંસલ કરવાર ફાંન્સીને ડોકટર બની ગરીબ માણસોને સેવા આપવી છે.તેના મતે સમાજ ગરીબ છે.અને આજના ડોકટરો મોંઘા છે.જયારે અન્ય ટોપર્સને પણ આગળ મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવો છે.

સે ૨૩ ગુરુકુલ વિધાલયમાં અભ્યાસ કરતી ફ્રાન્સી હર્ષદરાય પંડયાએ આગળ બી ગ્રુપમાં ભણીને ડોકટર બનવું છે.આપણામાં કાંઇક હશે તો દુનિયાએ સ્વિકારવું જ પડશે.ટયુશનના કિશોર સરને આદર્શ માનતી ફ્રાન્સીએ ગરિબ સમાજની સેવા કરવા ડોકટર બનવાની ખેવના વ્યકત કરી છે. તે પોતાના પરિણામને માતા પિતા તેમજ કિશોર સરની જીત ગણાવે છે.તેના પિતા હર્ષદભાઇ રીક્ષા ચલાવે છે.જયારે માતા અર્ચનાબેન હાઉસ વાઇફ છે.અભ્યાસ ઉપરાંત તેને વાંચન તેમજ બેડમિંગ્ટન રમવાનો શોખ છે. બધાને મદદરૂપ થવા તત્પર ફ્રાન્સીએ રોજની ૧૨ કલાકની મહેનતના અંતે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યું છે.ગુરુકુલના સ્વામી હરિપ્રકાશ સ્વામી તેમજ રામકૃષ્ણ સ્વામીએ પણ શાળાના તેજસ્વીઓની મહેનતને બિરદાવી છે.સે ૨૩ શેઠ સી એમ હાઇસ્કુલના હીરેન વાઘેલાએ એન્જીનિયરીંગમાં ભણવું છે.કવિ હદય ધરાવતા હિરેને માનવ જીવનના અભિગમ વિષય અંગે પુસ્તક પણ લખ્યુ છે.તેણે અગાઉ બાળ કવિ સંમેલનમાં પણ ભાગ લીધો હતો.શાળાના લખન હસમુખ ઠક્કરને પણ ડોકટર બનવું છે.ટયુશનના તેમજ શાળાના શિક્ષકોની મદદથી સારૂ પરિણામ મળ્યુ હોવાનું તેણે જણાંવ્યુ છે.કડી કેમ્પસના ટોપર્સ આશિષ જીતેન્દ્ર પ્રજાપતિએ દાદાની પ્રેરણા મેળવી ડોકટર બનવાની ઇચ્છા વ્યકત કરી છે.તેને રોજનીશી લખવાનો શોખ છે. જયારે નિકુંજ શાહને દેશમાંથી ભ્રષ્ટાચારને જાકારો આપવા આઇ એસ બનવુ છે. તેના પિતા ચિરાગભાઇ જજ

● અનુસંધાન પાન-૭ પર

ટોપર્સમાં નંબર-૧ હિમાનીને ન્યુરોલોજીસ્ટ બનવું છે...!

નાનપણથી ઓકસફર્ડમાં અભ્યાસ કરવાની ખેવના : શાળાનું વિશેષ માર્ગદર્શન અને ઘરનું આધ્યાત્મિક વાતાવરણ હિમાનીના શ્રેષ્ઠ પરિણામ માટે જવાબદાર

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાના પરિણામ અંતર્ગત ટોપર્સની યાદીમાં નંબર-૧ આવેલી હિમાની દશરથભાઈ પટેલ સ્કુલ ઓફ એચિવર, કુડાસણની વિદ્યાર્થીની છે. અમિયાપુર પ્રાયમરી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ગૌરાંગીબેન તેણીની માતા છે અને હિમાનીના પિતા પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ચિફ સાયન્ટીસ્ટ છે. રાયસણ ખાતે રહેતી હિમાની પટેલે ૬૦૦માંથી ૫૭૩ ગુણ પ્રાપ્ત કરી જિલ્લામાં અવલ્લ આવવાની સિદ્ધી પ્રાપ્ત કરી છે. તેણીની આ સિદ્ધી પાછળ હિમાની પોતાના માતા પિતાનો સપોર્ટ, શાળાનું વિશેષ માર્ગદર્શન અને ઘરના આધ્યાત્મિક વાતાવરણથી મળી રહેતી પોઝીટીવ ઊર્જા જવાબદાર હોવાનું જણાવે છે.

નાનપણથી હિમાનીને ઓકસફર્ડમાં અભ્યાસ કરવાની ખેવના હતી હવે હિમાની ઓકસફર્ડમાં એમબીએ કરી ન્યુરોલોજીસ્ટ બનવા ઈચ્છે છે. હિમાનીને સ્પોર્ટસમાં ટેબલ ટેનિસ રમત ખુબ ગમે છે તે ઉપરાંત ડાન્સ, મ્યુઝીક અને ખાસ કરીને ગરબા રમવા વધુ પસંદ છે. હિમાનીના રોલ મોડલ સરદાર પટેલ છે. શ્રેષ્ઠ પરીણામ મેળવવા ટાઈમ ટબલ તૈયાર કરી ટાર્ગેટ પ્રમાણે અભ્યાસ કરવા અને અભ્યાસ દરમિયાન ૧૦૦ ટકા ધ્યાન આપવાની હિમાની વિદ્યાર્થીઓને સલાહ આપે છે.

શહેરની શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે રાજ્યભરમાંથી વિદ્યાર્થીઓનો ધસારો

શિક્ષણ હબ તરીકે ખ્યાતિ પામેલા પાટનગરની શાળા, કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૪

ઉચ્ચ ગુણવત્તાનું શ્રેષ્ઠ શિક્ષણ પીરસતી ગાંધીનગરની શિક્ષણ સંસ્થાઓમાં રાજયભરમાંથી વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ઉમટી પડ્યા છે. વિદ્યાર્થીઓની સતત સર્વગ્રાહી મુલ્યાંકન પદ્ધતિના કારણે ઝળહળતા પરિણામ આપતી પાટનગરની શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયાનો ધમધમાટ દેખાઈ રહ્યો છે. વ્યાજબી ફી સાથે ઉત્તમ શિક્ષણના સિદ્ધાંતને વરેલી પાટનગરની સંસ્થાઓના પરિણામોએ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આકર્ષણ ઉભુ કર્યુ છે. જેથી ગાંધીનગરમાં અભ્યાસ માટે જબરદસ્ત લગાવ ઉભો થયો છે.

શિક્ષણ હબ તરીકે ખ્યાતિ પામેલા પાટનગરમાં શિક્ષણસંસ્થાઓ અભ્યાસ બાબતે કોઈ જ પ્રકારની બાંધછોડ કરતા ન હોઈ ઉચ્ચ પરિણામો પ્રાપ્ત કરી રહી છે. ગુજરાત બોર્ડની પરીક્ષા હોય કે સ્થાનિક પરીક્ષા ગુણવત્તા સભર અભ્યાસ થકી વિદ્યાર્થીઓમાં સારા પરિણામનો જુસ્સો ઉભો કરાય છે. વધુમાં અહીં તમામ સુવિધાઓસભર શૈક્ષણિક પરીસરો ઉપલબ્ધ બન્યા છે અને તે કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને વિકલ્પ પણ મળી રહે છે. ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓના પરિણામોમાં પણ પાટનગરની શૈક્ષણિક સંસ્થાઓ અવ્વલ નંબર રહી છે અને તે માટેના તેમના ઉચ્ચકોટીના પ્રયાસો રહે છે.

ઉચ્ચ પદવી પ્રાપ્ત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ પીરસવામાં આવે છે અને જેમાં અંગ્રેજી, ગુજરાતી માધ્યમને સમન્વય પણ હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગરમાં રિસર્ચ લેબનું લોકાર્પણ

વિશ્વ પર્યાવરણ દિવસે રાજ્યકક્ષાની ઉજવણી થશે : ૨૫ કરોડના ખર્ચે રિસર્ચ લેબ તૈયાર કરવામાં આવી ચુકી છે

ગાંધીનગર,તા. ૪

વિશ્વ પર્યાવરણ દિવસ પમી જૂન નિમિત્તે આજે રાજ્યકક્ષાની ઉજવણી સમારોહમાં વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે રૂપિયા ૨૫ કરોડના ખર્ચે નિર્મિત પર્યાવરણ ક્ષેત્રે અત્યાધુનિક પરિક્ષણ અને રિસર્ચ લેબોરેટરીનો સવારે ૧૦ કલાકે લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ બેંક સહાયક આઈસીઝેડએમ પ્રોજેક્ટ હેઠળ રૂપિયા ૨૫ કરોડના ખર્ચે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ નવી દિલ્હીને બાદ કરતા અતિ આધુનિક પ્રયોગશાળા ધરાવતું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે.

ગુજરાતમાં આ કક્ષાની સુવિધા ધરાવતી આ પ્રથમ પ્રયોગશાળા છે. આ અતિઆધુનિક પ્રયોગશાળા અને રિસર્ચ સેન્ટરના નિર્માણથી રાજ્યમાં પર્યાવરણ અને સંશોધનના ક્ષેત્રે એક નવું સોપાન ઉમેરાયું છે.

જિલ્લામાં કેન્દ્રવાર પરિણામની સ્થિતિ

નાંદોલ	-૪૯.૦૨
દહેગામ	-૩૯.૫૬
રખિયાલ	-૮૩.૯૨
બહિયલ	-૩૪.૨૭
શેરથા	-૭૧.૩૨
ગાંધીનગર	-૬૪.૩૧
છાલા	-૫૪.૫૭
ઝીંડવા	-૪૮.૧૭
કલોલ	-૫૨.૪૯
માણસા	-૫૩.૧૮
અડાલજ	-૪૮.૬૪
આજોલ	-૫૨.૬૬
ડભોડા	-૪૨.૫૦
સોજા	-૭૩.૦૪
સરઢવ	-૪૭.૯૪
કનીપુર	-૪૮.૪૧
ચાંદખેડા	-૬૮.૬૧
કડજોદરા	-૬૯.૭૯
મગોડી	-૫૮.૯૬
લોદ્રા	-૭૫.૯૮
મુબારકપુર	-૫૭.૩૬
મોટેરા	-૭૦.૭૧
ખરણા	-૭૪.૦૪
દેલવાડા	-૬૫.૬૮
મોટી આદરજ	-૭૦.૮૧
વલાદ	-૮૧.૪૯
લવારપુર	-૬૨.૫૦
છત્રાલ	-૪૨.૧૭

હાર્દિક અભિનંદન

શ્રી રાકેશભાઈ પટેલ
ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી
ગાંધીનગર મહાનગરપાલિકા

આપની ગાંધીનગર મનપામાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પદે વરણી થવા બદલ લાખ લાખ અભિનંદન..

શુભેચ્છક
મહમંદભાઈ શેખ
ગુલામભાઈ શેક
ગનીભાઈ શેક
બસુભાઈ શેખ
સિદ્દીકભાઈ
તથા
વાવોલ મુસ્લીમ સમાજ

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **દેવીપ્રસાદ મૂળશંકર દવે** (ડી.એમ. દવે) જે સ્વ. રતિલાલ ભાગવતભાઈ રાવલ (મોરબી)ના જમાઈનું દુઃખદ અવસાન થયેલ છે. તેમનું **બેસણું તા. ૬/૬/૨૦૧૫ને શનિવારના રોજ સાંજે ૫-૩૦ થી ૭-૩૦** કલાકે ગાંધીનગર નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૪૪૮/૧, સેક્ટર-૨બી, ગાંધીનગર

દિપ્તીબેન અમિતભાઈ આચાર્ય
લિનાબેન અમિતભાઈ શુક્લ
પ્રિતીબેન નિલેશભાઈ ભટ્ટ
જગદીશ ડી. દવે
હિતેષી જે. દવે

(નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે સાથે રાખેલ છે.)

લોહાણા બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી **નયુબેન દેવજીભાઈ પુજારા (ઠક્કર)** (ચક્ષુદાતા)નું દુઃખદ અવસાન તા. ૨૮/૫/૨૦૧૫ના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૬/૬/૨૦૧૫ને શનિવારના રોજ સાંજે ૪-૩૦ થી ૬-૩૦** કલાકે રાખેલ છે.

સ્થળ :
વરીયા પ્રજાપતિ સમાજ વાડી
વસંતકુંવરબા સ્કૂલ સામે,
સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૯૪૨૮૦૦૦૭૧૫
મો. ૯૪૨૮૨ ૧૮૬૬૦

પુજારા છગનભાઈ દેવજીભાઈ
પુજારા રામચંદ્રભાઈ દેવજીભાઈ
પુજારા શંકરભાઈ દેવજીભાઈ
પુજારા ડાહ્યાભાઈ દેવજીભાઈ
પુજારા હરેશભાઈ દેવજીભાઈ

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

VED International School Sargasan, Gandhinagar.
11th / 12th Std. (Gujarati / English Medium) Science
11th / 12th Std. (Gujarati Medium) Commerce

No. 1 2013-14

Thakkar Aaditya R. 400/400 FIRST in Gujarat
Chaudhari Nilamben M. 285/300 FIRST in District (2012-13)
Chauhan Hardik SELECTED IN IIT Roorkee

ધીરૂભાઈ અંબાણી સ્કોલરશીપ પ્રાપ્ત કરનાર વેદનો વિદ્યાર્થી હર્ષિત પટેલ

વેદનો વિદ્યાર્થી પટેલ હરીવદન નાસામાં સિલેક્ટ થયો

BOARD RESULT

SEM 1: ચૌધરી નિલમ 99.92 Pr., પટેલ હર્ષિત 99.72 Pr., ઠક્કર આદિત્ય 99.98 Pr., ચૌધરી અમિત 99.72 Pr., સદાડીયા શિવમ 99.47 Pr., પ્રજાપતિ દ્રષ્ટાંત 99.43 Pr., પટેલ ઉર્વિષ 99.37 Pr., મજેઠીયા દેવેશ 99.30 Pr., ઠાકોર દર્શના 99.24 Pr., પટેલ નીલ 99.16 Pr., કંસારા વિશાલ 99.03 Pr.

SEM 2: પ્રજાપતિ ઝીલ 99.55 Pr., પટેલ હર્ષિત 99.95 Pr., જાની શરદ 99.71 Pr., ચૌધરી નિલમ 99.68 Pr., પટેલ સ્નેહ 99.55 Pr., પટેલ સાગર 99.35 Pr., બાદી નદીમ 99.22 Pr.

SEM 3: પટેલ ધ્રુવ 99.06 Pr., ઠક્કર આદિત્ય 99.94 Pr., મિસ્ત્રી રિહેન 99.90 Pr., પ્રજાપતિ દ્રષ્ટાંત 99.46 Pr., ચૌધરી અમિત 99.38 Pr., ઠાકોર દર્શના 99.31 Pr., પટેલ ઉર્વિષ 99.30 Pr., કંસારા વિશાલ 99.18 Pr.

SEM 3: પટેલ વિસ્મય 99.86 Pr., ચૌધરી નિલમ 99.69Pr., પટેલ હર્ષિત 99.69 Pr., જાની શરદ 99.57 Pr., પટેલ દર્શન 99.53 Pr., પટેલ ધ્રુવ 99.02 Pr., ઠક્કર આદિત્ય 99.99 Pr., ચૌધરી અમિત 99.95Pr., પટેલ નીલ 99.95 Pr., પટેલ ઉર્વિષ 99.85 Pr., પટેલ નિર્ભય 99.85 Pr.

SEM 4: મિસ્ત્રી રિહેન 99.17 Pr., પ્રજાપતિ દ્રષ્ટાંત 99.00 Pr.

SEM 4: ચૌધરી નિલમ 99.95 Pr., પટેલ હાર્દિક 99.92 Pr., જાની શરદ 99.72 Pr., પટેલ વિસ્મય 99.59 Pr., પટેલ સ્નેહ 99.38 Pr., ગોહિલ જૈની 99.35 Pr., પટેલ ધ્રુવ 99.32 Pr., પટેલ દર્શન 99.30 Pr., પટેલ મોનીક 99.24 Pr., પટેલ સાગર 99.08 Pr.

GUJCET માં 95% Pr. થી વધુ મેળવનાર કુલ 28 વિદ્યાર્થીઓ
99% Pr. થી વધુ મેળવનાર કુલ વિદ્યાર્થીઓ 65
90% Pr. થી વધુ મેળવનાર કુલ વિદ્યાર્થીઓ 500

100/100 માર્ક મેળવનાર 42 વિદ્યાર્થીઓ...

GUJCET માં પણ વેદ જ ....
NEET 422 માર્ક સાથે પ્રથમ પટેલ દર્શન 99.56 Pr.
પટેલ નિર્ભય 113.75 માર્ક
પ્રજાપતિ દ્રષ્ટાંત 113.75 માર્ક

ધોરણ ૧૨ કોમર્સ વર્ષ ૨૦૧૨-૧૩ નું પરિણામ.
Desai Jayshree R. 99.33%
Chauhan Hemal P. 97.19%
Gohil Hetal L. 96.53%

Std. 12th Per.	82.57 %	77.57 %	76.71 %
Std. 10th Per.	79.40 %	74.80 %	62.80 %

ધોરણ ૧૦ કરતાં ધોરણ ૧૨ માં વધુ ટકા એ માત્ર વેદમાં જ શક્ય બની શકે...

JEE 2014
Chaudhary Amit 218 માર્ક
Thakkar Aditya R. 201 માર્ક

JEE ADVANCE માં SELECT થયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 103 થી વધારે

ગુજરાત બોર્ડમાં 2014 BASIC SCIENCE COURSE માં પસંદગી પામેલ 1% વિદ્યાર્થી પૈકી કુલ વેદના 121 વિદ્યાર્થીઓ જે રૂા. 80,000/- સ્કોલરશીપ માટે પસંદગી પામેલ છે.

JEE/GUJCET INTEGRATED SCHOOL PROGRAMME

2014 SCHOOL RESULT 99.45%

હોસ્ટેલ સુવિધા
ટ્રાન્સપોર્ટ સુવિધા

1 NIT અલ્હાબાદમાં ગાંધીનગરનો એક માત્ર વિદ્યાર્થી હર્ષ પ્રિયદર્શી

No. 1 SCHOOL

10 STUDENTS IN DAIICT
Patel Yash, Patel Harshil, Patel Sneh, Patel Vismay, Chaudhary Amit, Chaudhary Yash, Gajjar Tirth, Thakkar Aaditya, Gajjar Pratik, Vala Surjit

NIT માં પણ વેદ જ...
Priyadarshi Harsh (Allahabad NIT), Badi Nadim, Prajapati jay, Visariya Uday

PDPU માં પણ વેદ જ...
Shukla Bhavya, Patel Sagar, Patel Marmik, Shah Rushabh, Mori Nikhil

Ph. +91 90678 08593, +91 84014 81007
Kameshwar Campus, Opp. Aashka Hospital, Sargasan, Gandhinagar (Gujarat)
vedinternational2012@gmail.com | www.vedschool.com

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com